પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૦૭ | ૬ ઓક્ટોબર, ૨૦૧૭, શુક્રવાર ; આસો વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### સોશીયલ મિડિયા પર નિયંત્રણ જરૂરી



સિનિયર એડવોકેટ હરિશ સાલ્વેએ સોશીયલ મીડિયા પર અનિયંત્રિત રીતે આવતા વિવિધ મેસેજીસ અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેઓએ સોશીયલ મીડિયા પર લગામ લગાવવી જરૂરી હોવાનુ નિવેદન આપ્યુ છે.

### જયરાજસિંહ જાડેજાને સરતી જામીન

હોન્ડાના ચકચારી નિલેશ રૈયાણી હત્યાકેસમાં આજીવન કેદની સજા પામેલ ભાજપના ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાને સુપ્રિમ કોર્ટે ગુજરાત પ્રવેશ પર પ્રતિબંધ લગાવી જામીન મંજુર કર્યા હતા.

### હવે મફ્ત ડેટાની ભેટ અપાશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામાન્ય ચૂંટણી પહેલા ડિજિટલ ઈન્ડિયાને પ્રોત્સાહન આપવા અને ગ્રામીણ વિસ્તારોમાં રહેતા યુવાનોને આકર્ષિત કરવા માટે મોટો દાવ રમવા માટે તૈયાર છે. મોદી સરકાર લોકોને ફ્રી ડેટા આપવાની યોજના બનાવી રહી છે. આ યોજનાની શક્યતા ચકાસવામાં આવી રહી છે. સુત્રોના કહેવા મુજબ ટેલિકોમ મંત્રાલય હાલમાં આના પર કામ કરી રહ્યુ છે.


**તાત્કાલિક જોઈએ છે**

- સિક્યુરીટી : ભાઈઓ તથા બહેનો
- સફાઈ કામદાર : ભાઈઓ તથા બહેનો

રૂબરૂ મળો : તા. ૭-૧૦-૧૭, શનિવાર
સમય : સવારે ૧૦ થી ૧૨ કલાકે
કડી સ્કૂલ કેમ્પસ, બોયઝ હોસ્ટેલ કાર્યાલય, ગેટ નં. ૧, ઘ-૬, સર્કલ સેક્ટર-૨૩, ગાંધીનગર.


# આજથી અન્ડર-૧૭ ફિફા વર્લ્ડકપનો આરંભ

**કરોડો રમતપ્રેમી ભારે રોમાંચિત : ભારતીય ટીમ પ્રથમ વખત ફિફામાં ઉતરશે : પ્રથમ મેચ અમેરિકા વિરૂદ્ધ રમશે : કુલ ૨૪ ટીમો વચ્ચે જંગ ખેલાશે**




નવીદિલ્હી, તા. ૫

જેની ઉત્સુકતાપૂર્વક કરોડો ફુટબોલ પ્રેમીઓ રાહ જોઈ રહ્યા હતા તે અન્ડર-૧૭ ફિફા વર્લ્ડકપ ફૂટબોલની આવતીકાલથી ભારતમાં શરૂઆત થઈ રહી છે. આની સાથે જ ભારતનું પણ એક મોટુ સપનું પુર્ણ થનાર છે. ભારતીય ચાહકોને ઘરઆંગણે અન્ડર-૧૭ ફિફા વર્લ્ડકપની મેચો જોવાની મજા પડી જશે. ભારતીય ટીમ પણ કરોડો ઉમ્મીદોની સાથે મેદાનમાં ઉતરી રહી છે. ભારતીય ફુટબોલ માટે આ ટુર્નામેન્ટ ખુબ જ મહત્વપૂર્ણ છે. ભારતીય ફૂટબોલ માટે છઠ્ઠી ઓક્ટોબરનો દિવસ ઐતિહાસિક બની રહેશે જ્યારે ભારત પ્રથમ વખત કોઈપણ વર્ગમાં ફિફા મંચ ઉપર પોતાની ઉપસ્થિતિ નોંધાવવા માટે મેદાનમાં ઉતરશે. આનાથી ભારતમાં ફૂટબોલને નવી દિશા મળી શકે છે. દુનિયાના બીજા સૌથી મોટા દેશ ભારતના લોકોને ફિફા અન્ડર-૧૭થી ખુબ આશા રહેલી છે. ફુટબોલ ટીમ ફિફા વિશ્વકપમાં મેદાનમાં ઉતરી રહી છે. ભારતના યજમાનપદ હેઠળ પ્રથમ વખત ફિફા અન્ડર-૧૭ વર્લ્ડકપનું આયોજન છઠ્ઠી ઓક્ટોબરના દિવસે થશે.

● અનુસંધાન પાન-૭ પર

# અખિલેશ યાદવની સપા અધ્યક્ષ તરીકે તાજપોશી

**મુલાયમ ગેરહાજર : અખિલેશની પાંચ વર્ષ માટે પાર્ટી અધ્યક્ષ તરીકે તાજપોશી કરાતા ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી ૨૦૨૧ની યુપી ચૂંટણી તેમના નેતૃત્વ હેઠળ લડવાનો નિર્ણય**



આગરા,તા. ૫

આગરામાં સમાજવાદી પાર્ટીની ૧૦મી રાષ્ટ્રીય સમ્મેલનની બેઠક આજે વિધિવત રીતે શરૂ થઈ હતી. આ બેઠકમાં ધારણા પ્રમાણે જ પ્રથમ દિવસે આગામી પાંચ વર્ષ માટે અખિલેશ યાદવની રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે તાજપોશી કરવામાં આવી હતી. પાર્ટીના સ્થાપક મુલાયમસિંહની ગેરહાજરીમાં અખિલેશની તાજપોશી કરવામાં આવી હતી. સમાજવાદી પાર્ટીના આ રાષ્ટ્રીય સંમેલનને સફળ બનાવવા માટે તમામ પ્રયાસો પાર્ટી દ્વારા કરવામાં આવ્યા છે. આગરાના તાજેતરના ઈતિહાસમાં પ્રથમ વખત વીઆઈપી મોલ રોડને ટ્રાફિક માટે બંધ કરવાનો નિર્ણય કરાયો હતો. સમાજવાદી પાર્ટી સત્તામાં ન હોવા છતાં સાવચેતીના ઘણા પગલા લેવાયા હતા. સમાજવાદી પાર્ટીના કાર્યક્રમના કારણે પ્રવાસીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. ટ્યુરિસ્ટોને તાજમહેલ પહોંચવા માટે લાંબા રુટનો ઉપયોગ કરવાની ફરજ પડી હતી. અનેક જગ્યાઓ ઉપર સમાજવાદી પાર્ટીના હોર્ડિંગ્સ મુકવામાં આવ્યા હતા. આગરા-લખનૌ એક્સપ્રેસ વે પર ચારેબાજુ ટ્રેડમાર્ક લાલ અને લીલા કલરમાં સમાજવાદી પાર્ટીના હોર્ડિંગ્સ મુકાયા હતા. આ વિસ્તારમાં આવેલી તમામ સ્કૂલોને બંધ રાખવાનો નિર્ણય પહેલાથી જ કરાયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# આજ-કાલમાં જીએસટીમાં રાહતની જાહેરાત

**ગુજરાત ચૂંટણીના મુદ્દે મોદીની શાહ-જેટલી સાથે ચર્ચા : જીસટીને લઇને ટિકા ટિપ્પણી બાદ રાહત આપવાની તૈયારી : અમિત શાહ કેરળની હાઈપ્રોફાઇલ યાત્રા ટૂંકાવીને દિલ્હી પહોંચતા મોટી જાહેરાતની વકી**



નવીદિલ્હી, તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પાર્ટી અધ્યક્ષ અમિત શાહ અને નાણામંત્રી અરુણ જેટલી સાથે વિસ્તારપૂર્વક ચર્ચા કરી હતી. મોદીએ અર્થતંત્ર અને ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીને લઈને ચર્ચા કરી હોવાના અહેવાલ મળ્યા છે. ખુબ મહત્વપૂર્ણ ચર્ચા હોવાના કારણે અમિત શાહ કેરળની યાત્રા ટુંકાવીને દિલ્હી પહોંચ્યા હતા અને વાતચીતમાં જોડાયા હતા. એમ માનવામાં આવે છે કે, આર્થિક મંદીને લઈને થઈ રહેલી ટિકા વચ્ચે કોઈ ખુબમોટી જાહેરાત પણ એક બે દિવસમાં કરવામાં આવી શકે છે. મોદી સાથે બેઠકના પરિણામો અમિત શાહ મુખ્યમંત્રી વિજયનના વતન રાજ્યમાં માર્ચમાં જોડાઈ શક્યા ન હતા. એમ માનવામાં આવે છે કે, ગુજરાત ચૂંટણી ઉપરાંત જીએસટી કાઉન્સિલની બેઠકને લઈને ચર્ચા વિચારણા કરી હતી. એવું પણ જાણવા મળી રહ્યું છે કે, જીએસટીને લઈને ટિકા ટિપ્પણીનો સામનો કરી રહેલી સરકાર કાપડ વેપારીઓ માટે કોઈ મોટી જાહેરાત કરી શકે છે. બુધવારના દિવસો મોદીએ આઈસીએસઆઈના ગોલ્ડન

● અનુસંધાન પાન-૭ પર

# અર્થવ્યવસ્થાના ચિરહરણ વેળા શાંત નહીં રહેવાય : સિંહા

નવીદિલ્હી, તા. ૫

મોદી સરકાર ઉપર સતત પ્રહાર કરી રહેલા યશવંતસિંહાએ આજે પ્રહારોનો મારો ચાલુ રાખ્યો હતો. મોદીના બુધવારના ભાષણ બાદ ફરી એકવાર પ્રતિક્રિયા યશવંતસિંહાએ આપી છે. તેમણે કહ્યું છે કે, મોદીએ અર્થવ્યવસ્થા ઉપર આગળ આવીને પ્રતિક્રિયા આપી છે તે ખુશીની બાબત છે. સિંહાએ આક્રમક વલણ અપનાવ્યું નથી પરંતુ સાફ શબ્દોમાં કહ્યુ છે કે, અર્થવ્યવસ્થાને લઈને પડકારો ચોક્કસપણે છે અને તેઓ આ મુદ્દા ઉપર વાત કરતા રહેશે. વાજપેયી સરકારમાં કેબિનેટ મંત્રી રહી ચુકેલા યશવંતસિંહાએ કહ્યું હતું કે, આ મહત્વપૂર્ણ નથી કે અમે આશાવાદી છીએ કે નિરાશાવાદી અમે કેટલાક અન્ય લોકો દ્વારા જે મુદ્દા ઉઠાવવામાં આવ્યા છે તે મુદ્દા ઉઠાવ્યા છે. સરકાર તેના ઉપર ગંભીરતાપૂર્વક વિચારણા કરે તે જરૂરી છે. દેશ અને અર્થવ્યવસ્થા સામે જે સંકટ છે તે દૂર કરવામાં આવે તે જરૂરી છે. પૂર્વ નાણામંત્રીએ કહ્યું છે કે, અર્થવ્યવસ્થા પર ચર્ચા થઈ છે તે ખુશીની બાબત છે. જો વડાપ્રધાને જાતે દેશ સમક્ષ કેટલીક બાબતો રજૂ કરી છે તો તે ખુશીની અને સ્વાગતરુપ બાબત છે. વડાપ્રધાને જે આંકડા આપ્યા છે તેના પર તેઓ કહેવા માંગે છે કે, આંકડાઓની રમત હંમેશા ખતરનાક રહે છે. છ ત્રિમાસિકથી વિકાસદર નીચે આવી રહ્યો છે. ૨૦૧૯માં ચૂંટણી આવશે ત્યારે લોકો એ પુછશે નહીં કે યુપીએની તુલનામાં કેવું કામ કર્યું છે. લોકો પુછશે કે જે વચન આપ્યા હતા તે પુરા થયા છે કે કેમ. કોઈ સમયે ભાજપના દિગ્ગજ નેતા

● અનુસંધાન પાન-૭ પર


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

**અભિનવ ક્લીનીક**

ગાંધીનગરના વરિષ્ઠ બાળ આરોગ્ય નિષ્ણાંત

**ડો. અનિલ વેદ**

તેમની સેવાનો આરંભ તા. ૧/૧૦/૨૦૧૭ થી પગરવ હોસ્પિટલ (સેક્ટર-૨૩) ખાતે કરેલ છે.
ઓપીડી સમય : સાંજે ૪ થી ૬ (સોમ થી શનિ)

ડો. અનિલ વેદ નીચેના સમય દરમિયાન અન્ય સ્થળે પણ ઓ.પી.ડી. સેવાઓ માટે ઉપલબ્ધ રહેશે.
(અગાઉથી ફોન પર મુલાકાત લીધેલ હોય તો)

| વાર | સમય | સ્થળ |
|---|---|---|
| મંગળ, બુધ, શુક્ર | સવારે ૮ થી ૯ | સે.૨૧ (રહેઠાણ) પ્લોટ-૭૧૯/૨, પંચશીલ પાર્ક, |
| સોમ થી શનિ | ૧૨ થી ૧ | સે.૧૬ (અભિનવ ક્લીનીક) પ્લોટ નં. ૩૨૭, સેક્ટર-૧૬ |
| સોમ થી શનિ | સાંજે ૬ થી ૭.૪૫ | સે.૧૬ (અભિનવ ક્લીનીક) પ્લોટ નં. ૩૨૭, સેક્ટર-૧૬ |
| સોમ થી શનિ | રાત્રે ૮ થી ૯ | સે.૨૧ (રહેઠાણ) પ્લોટ-૭૧૯/૨, પંચશીલ પાર્ક, |

સંપર્ક : રહેઠાણ : ૨૩૨ ૨૧૦૬૪, ક્લીનીક : ૨૩૨૨૨૮૬૫, મો. ૯૪૨૮૦૧૮૨૮૪



બોર્ડ-કોર્પોરેશન-બેન્કો-કંપનીઓ માટે ખુશખબર
દિપાવલીના તહેવારો માટે
ફ્રેશ ડ્રાયફ્રુટ - ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષ
વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક
અરિહંત ડ્રાયફ્રુટ્સ
C/o રૂષભ એન્ટરપ્રાઈઝ
રૂ. ૧૬૦ થી રૂ. ૨૩૦૦ સુધીની
૫૦ કરતાં વધુ વેરાઈટીઝના બોક્ષ
બલ્ક ઓર્ડર વ્હેલાસર નોંધાવો
અને Earlybird Discount મેળવો.
સંપર્ક : હેમાંગ ગાંધી
મો.૯૩૭૭૭ ૨૩૧૬૪, ફોન નં. ૨૩૨-૬૦૩૬૪
પ્લોટ નં.૪૦૩, સહજાનંદ કોમ્પલેક્ષ(બેઝમેન્ટ), સેક્ટર-૩૦ ચાર રસ્તા પાસે, અક્ષરધામ રોડ, ગાંધીનગર
એકવાર મુલાકાત લઈ વ્યાજબી ભાવની ખાત્રી કરો
PARAM




જાહેર આમંત્રણ - એક સંકલ્પ સમૃદ્ધિ કી ઓર...
**ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ**
કન્વેન્શન | એક્ઝિબિશન | બિઝનેસ સેમિનાર | B2B મીટીંગ્સ | જોબ ફેર

આયોજક
સમસ્ત પાટીદારની એકતાનું ધામ
સરદારધામ
વિશ્વ પાટીદાર કેન્દ્ર
સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ

પૂર્વ આયોજન કાર્યક્રમ નં.૨૦ : તા. ૬-૧૦-૨૦૧૭, શુક્રવાર સાંજે ૫-૦૦ કલાકે • ટાઉન હોલ, સેક્ટર-૧૭, ગાંધીનગર

**મુખ્ય ઉદ્દેશો**
- સમાજના નાના, મધ્યમ તથા મોટા ઉદ્યોગોના આંતરિક તેમજ વૈશ્વિક જોડાણને પ્રોત્સાહન આપવું
- સમાજમાં નવાં ઉદ્યોગ સાહસિકો તૈયાર કરવા અને તેમને ઉપયોગી થવું
- સમાજના શિક્ષિત યુવાનોને તાલિમબદ્ધ કરી તેમને સન્માન સાથે રોજગારી અપાવવી

**વિશેષતાઓ**
- આર્થિક પાસાઓને અનુલક્ષીને આયોજીત દેશનું સર્વપ્રથમ સમાજલક્ષી કન્વેન્શન
- ૩૨ દેશોમાંથી ૧૦,૦૦૦ જેટલા પ્રતિનિધીઓ, ૩ લાખથી વધારે મુલાકાતીઓ
- પાટીદારોની પ્રગતિના પ્રતિબિંબ સમાન ૫૦૦થી વધારે સ્ટોલનું એક્ઝિબિશન
- ઉદ્યોગ જગતના અગ્રણીઓની ઉપસ્થિતિ
- આર્થિક વિકાસના મુદ્દાઓ પર ખ્યાતનામ વક્તાઓ દ્વારા વિશેષ સેમિનાર
- ઉદ્યોગો માટે સક્ષમ વ્યાવસાયિકો મેળવવા અને કુશળ યુવાનો માટે જોબફેર
- બિઝનેસ નેટવર્કીંગ માટે પ્રિ-રજીસ્ટર્ડ B2B મિટીંગની સુવિધા
- 'પાટીદાર ઉદ્યોગ રત્ન' એવોર્ડ સમારંભ

સ્ટોલ બુકિંગ માટેઃ 97129 44817 97129 28029
એક્ઝિબિશનની મુલાકાત માટે ફ્રી રજીસ્ટ્રેશન, ઓનલાઈન બુકિંગ તથા વધુ માહિતી માટેઃ www.gpbs2018.com